

# શું ભાભી - નણંદ સારા ફ્રેન્ડ હોઈ શકે...?

**આપણે ઘણી ફિલ્મોમાં જોયું છે કે, ઘરમાં ભાભી આવે એટલે સાસુ અને નણંદની જુગલબંધી ભાભી પર ત્રાસ ગુજારવા માટેના પ્લાન બનાવતા હોય. આવું ફિલ્મોમાં જ થતું એવું નથી પણ વાસ્તવિકતા પણ રહી છે. ઘરમાં દીકરાના લગ્ન થાય એટલે મા અને બહેનને એવું લાગવા માંડે છે કે, ભાભી આવી એટલે હવે તે ભાઈબહેન વચ્ચે અંતર ઊભું કરશે. જો કે આવું બધા જ કિસ્સામાં નથી હોતું. આપણી ભારતીય સંસ્કૃતિમાં પરિવારમાં ભાભી અને નણંદનો સંબંધ ખૂબ જ ખાસ માનવામાં આવે છે. નવી વહુ માટે નણંદ જ પ્રથમ માર્ગદર્શક બનતી હોય છે. ભાભી અને નણંદ વચ્ચે મતભેદ થવા સ્વાભાવિક છે પણ આજના યુગમાં એક નોંધવા જેવી બાબત એ પણ છે કે આજે ભાભી અને નણંદ સાથે મળીને ઈન્સ્ટા માટે વેડિંગ કે ફેસ્ટિવલ સાથે એન્જોય કરતી હોવાની રીલ્સ પણ બનાવી તેઓ વચ્ચે સારું બોંડિંગ હોવાનું બતાવે છે. શરૂઆતમાં બંને એકબીજાને જ્યાં સુધી સમજી નથી શકતાં ત્યાં સુધી બંને વચ્ચે ખટરાગ થવા સ્વાભાવિક છે પણ શું પછી પણ તેઓ વચ્ચે તીખાશ રહે છે કે મેચ્યોરિટી આવ્યા બાદ તેઓ વચ્ચે સારી મિત્રતા સંભવ છે ખરી ?તો ચાલો આપણે સુરતની કેટલીક મહિલાઓને મળીને જાણીએ કે શું ભાભી-નણંદ સારાં ફ્રેન્ડ હોઈ શકે...?**



## અમારા ભાભી-નણંદ વચ્ચે એક બેને ગેરસમજ ઊભી કરી હતી જો કે અમે બે બહેનોની જેમ છીએ: ફાલ્ગુની ચપડિયા

રુસ્તમપુરા, દિવાનજીની વાડી વિસ્તારમાં રહેતાં 35 વર્ષીય ફાલ્ગુનીબેન ચપડિયા હોમમેકર છે. તેમનાં 44 વર્ષીય નણંદ ટીનાબેન જરીવાળા આ જ વિસ્તારમાં ફરામ મહોલ્લામાં રહે છે. તેમણે જણાવ્યું કે, ''મારા અને મારી નણંદ વચ્ચે ફ્રેન્ડ અને બે સગી બહેનો હોઈએ એવો સંબંધ છે. અમારી વચ્ચે સારું બને તેની અદેખાઈમાં એક ઓળખીતા બેને અમારી વચ્ચે ગેરસમજ ઊભી કરી હતી. એ બેને મને કહ્યું કે, તારી નણંદ તારી સામે તો બહુ સારું વર્તન કરે છે પણ તારી પીઠ પાછળ તારી બૂરાઈ કરે છે. એ બેને મને જે કીધું તે જ મારાં નણંદને કહ્યું કે તારી ભાભી તારી પીઠ પાછળ તારી બૂરાઈ કરે છે. ત્યારે અમે ભાભી- નણંદ એ બેનની વાતમાં આવી ગયાં હતાં પણ તરત સચ્ચાઈ સામે આવી ગઈ કે અમારી કાનભંભેરણી કરવામાં આવી છે.  અમે તો ફ્રેન્ડશિપ ડે પર એકબીજાને ફ્રેન્ડશિપ બેલ્ટ પણ બાંધીએ છીએ. હા, દરેક સંબંધોમાં ખાટામીઠા ઝગડા થતા હોય એમ અમારી વચ્ચે ઘરની વાતને લઈને બેપાંચ મિનિટ માટે અબોલા થાય. મારી નણંદને ટુ વ્હીલર ચલાવતાં નથી આવડતું તો એને કશે જવું હોય તો મને લઈ જવા કહે પણ હું કામમાં બિઝી હોઉં તો એને ના કહું તો થોડું એને ખોટું લાગી આવે પણ એ પણ થોડીક મિનિટો માટે હોય. આટલાં વર્ષોમાં હવે તો અમને એકબીજા વગર ચાલતું જ નથી.'' જ્યારે ટીનબેને જણાવ્યું કે, ''હું ભાભીના પક્ષે વધારે હોઉં છું. શરૂઆતમાં અમારું ઓછું બનતું કેમ કે મારી મોટી ભાભી સાથે સારી ફ્રેંડશિપ હતી. પછી ધીરે ધીરે સારું બોંડિંગ થયું અમે હવે ઘણા સારા ફ્રેન્ડ છીએ.''

## ભાભી મારા કરતાં 15 વર્ષ નાનાં છે, અમે વિવિધ પ્રસંગોમાં સાથે જ રીલ્સ બનાવીએ : અલ્પા પટેલ

નાનપુરા ખારવાવાડમાં રહેતાં 50 વર્ષીય અલ્પાબેન પટેલ ટેલરિંગનું કામ કરે છે. તેમના ભાભી અમિતાબેન સારંગ તેમના કરતાં 15 વર્ષ નાનાં છે. અલ્પાબેને જણાવ્યું કે, ''અમે ચાર બહેનો છીએ. અમારી ચાર બેનોમાં ભાભી સાથે સૌથી સારું બોન્ડિંગ મારું છે. મારાં ભાઈભાભી પણ ખારવા મહોલ્લામાં જ રહે છે. મારી ભાભી જિમ ટ્રેનર છે. તે સવારે સાડા પાંચ વાગે જિમ જવા નીકળે અને બપોરે 12 વાગે ઘરે આવે પછી બપોરે ત્રણ વાગે ફરી જિમ જાય અને રાત્રે 8 વાગે રિટર્ન થાય એટલે એનાથી ઘરનાં કામો બહુ નહીં થાય એ વાતે મમ્મી અને ભાભી વચ્ચે પ્રોબ્લેમ થાય. જો કે હવે તેમણે ઘરમાં કામવાળી રાખી દીધી છે. મારા ભાઈના જ્યારે લગ્નની વાત ચાલતી હતી ત્યારે પહેલા તો તેણે અમિતાને તે પસંદ કરે છે તે જણાવ્યું નહોતું. તો અમે એના માટે બીજી છોકરી શોધતાં હતાં પછી ભાઈએ મને અમિતા સાથે તેને પ્રેમ છે તે જણાવ્યું હતું. તેનું પિયર પણ ખારવાવાડમાં જ એટલે અમે અમિતાને જાણતાં હતાં. અમે મમ્મીને સમજાવી પછી ભાઈના અમિતા સાથે મેરેજ થયા. અમિતા અને હું મેરેજ ફંક્શન અને વારતહેવારે સાથે જ રીલ્સ બનાવતા હોઈએ . ત્યારે લોકો કહેતા હોય બહુ પ્યારી ભાભી છે તમારી.  તે હોન્ડા પણ ચલાવે અને કાર પણ ચલાવે. તેને રસોઈ બનાવવાનું બહુ નહીં ગમે તે રસોઈ બનાવવાની બાબતમાં છટકબારી શોધે એવું પણ ક્યારેક થાય છે. તે અમને પાવાગઢ જાતે કાર ડ્રાઇવ કરીને લઈ જાય.'' જ્યારે અમિતાબેને જણાવ્યું કે, ''મારું સાસુ કરતા નણંદ અલ્પાબેન સાથે વધારે બને. મારે અને મારા હસબન્ડે કોઈ બાબતમાં મારા સાસુની પરમિશન લેવાની હોય ત્યારે અમે પહેલાં અલ્પાબેનને વાત કરીએ.''





## શરૂઆતમાં મારા નણંદ મને સ્ટ્રીકટ લાગતાં, હવે તેઓ મારી પડખે વધારે હોય: ડિમ્પલ ઘડિયાળી

''મારા મેરેજ થયાં અને હું સાસરે આવી ત્યારે હું 19 વર્ષની જ હતી એ સમયે મારી સાસુને મારું કામ થોડું સ્લો લાગતું પણ મારાં નણંદ મારી પડખે રહ્યાં. તેઓ મારા બહુ સારા ગાઈડ રહ્યાં.'' આ શબ્દો છે અડાજણ વિસ્તારમાં રહેતાં 44 વર્ષીય ડિમ્પલબેન ઘડિયાળીના. તેઓ હાઉસ વાઈફ છે. તેમણે જણાવ્યું કે, ''હું પરણીને સાસરે આવી ત્યારે હું કોલેજની સ્ટડી કરતી હતી. મારા નણંદ પિંકીબેનના ત્યારે મેરેજ નહોતા થયા. એ વખતે મને મારાં નણંદ થોડાં સ્ટ્રીક્ટ લાગતાં, પણ પછી લગ્નના એક વર્ષ બાદ તેઓ ધીરે ધીરે મારા ફ્રેન્ડ બનતાં ગયાં. તેમનાં ફ્રેન્ડ સર્કલમાં કોઇ ઇવેન્ટ હોય તો મારાં નણંદ તેમના ભાઈ એટલે કે મારા હસબન્ડને નહીં લઈ જતાં પણ મને સાથે રાખતાં. તેઓ હર્ષવર્ધનભાઈ ચોબેને પસંદ કરતાં હતાં. હર્ષવર્ધનભાઈ હિન્દી ભાષી અને અમે ગુજરાતી તો મારી નણંદે એમની પસંદગીની વાત સૌથી પહેલાં મને કરી હતી અને પછી મારી પાસે ગાઈડન્સ માંગ્યું હતું કે હવે મારે શું કરવું જોઈએ. ત્યારે મેં નણંદ પિંકીબેનને કહ્યું હતું કે, છોકરો સારો હોય તો ઘરનાને મનાવીને તમારી પસંદગીના છોકરા સાથે મેરેજ કરવા જોઇએ, પછી ઘરમાં બધાને મનાવ્યા અને પછી હર્ષવર્ધનભાઈ ચોબે સાથે તેમના મેરેજ થયા. મારાં સાસુજી સાથે મારી તકરાર થાય ત્યારે મારી નણંદ મારા પક્ષમાં હોય અને એમની મમ્મીને કહેતા હોય વર્ષોથી ડિમ્પલભાભી ઘર અને પરિવાર સાચવે છે તેમને ખોટું લાગે એવું નહીં બોલવું જોઈએ. એમની કોઈ વસ્તુ મને ગમતી હોય તો તેઓ એવી જ નવી વસ્તુ મને લઈને આપે. લોકોને અમે ભાભી નણંદ નથી લાગતાં પણ બહેનો જેવાં જ લાગીએ. હું તો બંને ભાઈ બહેનની ટાંગ ખેંચું બંને ભાઈબહેનને મજાકમાં લડાવું પણ ખરી.'' જ્યારે પિંકીબેને જણાવ્યું કે, ''મારે કોઈ શોપિંગ કરવાની હોય ત્યારે ભાભી માટે પહેલા લેવાનું પ્રિફર કરું.''

## સ્ટડીને લઈને નણંદ પર ખીજવાતી, અમે બેસ્ટ ફ્રેન્ડ બન્યા છીએ: હર્ષા જોશી



''હું પરણીને સાસરે આવી ત્યારે મારી નણંદ માત્ર 13 વર્ષની હતી. તે નવમા ધોરણમાં ભણતી હતી. હું ત્યારે ટીચર હતી અને મારી નણંદને એ સમયે ભણવામાં ઇન્ટરેસ્ટ નહોતો, હું ત્યારે નણંદ પર સ્ટડીને લઈને ખીજવાઇ પણ છું. નણંદ ત્યારે નાની બાળકી જેવી જ હતી તો હું તેને ભણાવતી. તેને આગળ કઈ રીતે વધવું તેનું ગાઈડન્સ આપતી, હું તેને 'મા ' ની જેમ ટ્રીટ કરતી.'' આ શબ્દો છે સચિનમાં રહેતાં 38 વર્ષનાં હર્ષાબેન જોષીના. હર્ષાબેન ટ્યુશન ક્લાસ ચલાવે છે, પહેલાં તેઓ સ્કૂલમાં ટીચર હતાં. તેમણે જણાવ્યું કે, ''નિમેષ જોષી સાથે મારા પસંદગીના મેરેજ છે. હું સિંધી છું જ્યારે સાસરિયા ગુજરાતી છે. મારી નણંદ દિવ્યા શુક્લ પૂણા કુંભારિયા વિસ્તારમાં રહે છે અને તે રેડિયોલોજીસ્ટ છે. મારી નણંદ દિવ્યાને ગુજરાતી રસોઈ નહીં ભાવે કેમ કે તે ખાટીમીઠી હોય એટલે જ્યારે હું લગ્ન કરીને સાસરે આવી ત્યારે દિવ્યાને સિંધી ભોજન ખાવું ગમવા લાગ્યું એટલે મારે તેના માટે અલગથી રસોઈ  બનાવવી પડતી એટલે પછી હું તેને રસોઈને લગતાં અમુક કામો કરાવવા બેસાડતી. એક વખત તે રિસાઈ હતી. તેનો હું તમને કિસ્સો કહું. મારું બાળક નાનું હતું અને દિવ્યાને એક વખત મૂવી જોવા જવું હતું. થિયેટરમાં જો બાળક રડે તો બધાં ડિસ્ટર્બ થાય તો મેં મૂવી માટે ના પાડી. તો મારા હસબન્ડ એટલે કે દિવ્યાના ભાઈએ કીધું ભાભી ના પાડે છે તો મૂવી જોવા નથી જવું ત્યારે દિવ્યા રિસાઈ હતી. પછી અમે હસબન્ડવાઈફ તેને બહાર રેસ્ટોરન્ટમાં જમવા લઈ ગયાં હતાં, પછી તે ખુશ થઈ ગઈ હતી. તેના મેરેજનું શોપિંગ અમે બંનેએ સાથે કર્યું હતું.'' દિવ્યાએ જણાવ્યું કે, ''મારા માટે હર્ષાભાભી બેસ્ટ ફ્રેન્ડ પણ છે અને મારા માટે મારાં મમ્મી જેવાં પણ છે. ભાભી નવા નવા પરણીને અમારા ઘરે આવ્યાં ત્યારે મને વોલ્યુમ ફાસ્ટ કરીને ગીતો સાંભળવાની આદત હતી. એ વખતે ભાભીને તે નહીં ગમતું ત્યારે ભાભીએ વોલ્યુમ ઓછું કરવા કહ્યું હતું, તો મેં ઊલટાનું વોલ્યુમ વધારી દીધું હતું. પછી તો અમે સારાં ફ્રેન્ડ્સ બની ગયાં. એકબીજાના પ્રોબ્લેમ શેર કરીએ અને તેમાં ગાઈડન્સ મેળવીએ.''

## મને કેન્સર થયું ત્યારે 6 મહિના ભાભીએ મને એમની સાથે રાખીને મારી સારવાર કરાવી: રોશની પારેખ



''સામાન્ય રીતે લોકોની માનસિકતા એવી હોય છે કે, કોઈને કેન્સર ડિટેક્ટ થાય તો એનો પરિવાર જોશે એવું વિચારીને મદદ માટે બહુ આગળ નહીં આવે પણ મને જ્યારે બ્રેસ્ટ કેન્સર ડિટેક્ટ થયું તો મને મેન્ટલી સપોર્ટ આપવામાં, મારી સારવાર કરવામાં સૌથી આગળ મારાં ભાભી રહ્યાં.'' આ શબ્દો છે મોરાભાગળ વિસ્તારમાં રહેતાં 39 વર્ષીય રોશની પારેખના. તેઓ સ્કૂલ ટીચર છે. તેમનાં ભાભી હેમાલીબેન તેમના કરતાં બે વર્ષ નાનાં છે. રોશનીબેને જણાવ્યું કે, ''મારી ભાભી મારા કરતાં ઉંમરમાં નાનાં છે પણ મારી કેન્સરની સારવાર વખતે જાણે એ મારી મમ્મી હોય, જાણે એ મારી સાસુ હોય એટલી કાળજી લીધી હતી. મને એક વર્ષ પહેલાં કેન્સર થયું હતું. એ વખતે મારી ક્યા ડોક્ટર પાસે સારવાર કરાવવી અને સારવારને લગતાં બધા ડીસીઝન મારાં ભાભી લેતાં હતાં. મારાં સાસુ 80 વર્ષનાં છે અને મારાં જેઠાણી પણ નથી આવા સંજોગોમાં મારી સારવાર મારાં ભાભીએ મને એમની પાસે 6 મહિના રાખીને કરી. મારે જ્યારે જ્યારે કિમો લેવા જવાનું થતું ત્યારે હસબન્ડને તો જોબ એટલે એમની જગ્યા પર મારાં ભાભી જ મારી સાથે હોસ્પિટલ આવતાં. મને ટ્રીટમેન્ટ માટે અમદાવાદ મારાં ભાભી જાતે કાર ચલાવીને  લઇ ગયાં હતાં. મારાં મમ્મી-પપ્પા એજેડ છે તો એમને અમુક ગમાઅણગમા હોય ત્યારે પણ મારાં ભાભીએ મારાં મમ્મીપપ્પાને સામે જવાબ નથી આપ્યો. એમનો નેચર એવો છે કે એ બધાંને સાચવવામાં માને. કોઈને મનદુઃખ નહીં કરે.'' જ્યારે તેમનાં ભાભી હેમાલીબેને કહ્યું કે, ''અમે બંને મહિને એક વખત તો શોપિંગ કરવા જઇએ જ. અમારું એટલું સારું બને છે. અમારી વચ્ચે કોઈ મતભેદ નથી થતાં.''

## મારા ઘરે મારું ફેમિલી અને મારાં નણંદના ફેમિલીનું  રોજ સાથે જ ડિનર હોય: નીતા જરીવાળા



''મારા મેરેજ થયા ત્યારે મારી નાની નણંદ ફાલ્ગુની અને મારી વચ્ચે રસોઈને લઈને થોડી ઘણી રકઝક થતી. હું ત્યારે 19 વર્ષની જ હતી અને ફાલ્ગુની 18 વર્ષની હતી. ત્યારે બંને મેચ્યોર નહોતાં. તેમના લગ્ન થયા બાદમાં અમારી પાક્કી ફ્રેન્ડશીપ થઇ.'' આ શબ્દો છે ન્યૂ સિટીલાઈટ વિસ્તારમાં રહેતાં 49 વર્ષીય નીતાબેન જરીવાળાના. તેઓ હાઉસ વાઈફ છે. જ્યારે તેમની નાની નણંદ ફાલ્ગુની ગલ્લેદાર પણ સિટીલાઈટ વિસ્તારમાં જ રહે છે. નીતાબેને જણાવ્યું કે,  ''રક્ષાબંધન હોય ત્યારે ભાઈના ઘરે જવા બાબતમાં કોઈ અડચણ ઉભી નહીં થાય માટે અમે રાખી બાંધવાના દિવસો જ બદલી નાંખ્યા છે. હું પૂનમના દિવસે ભાઈને રાખી બાંધવા જાઉં એનું એક કારણ મારી સિસ્ટર અને મારી ભાભી બંને વર્કિંગ વુમન છે અને પૂનમના દિવસે રજા હોય, ત્યારે અમે રાખી બાંધીએ. બીજા દિવસે પડવા પર મારી નણંદ અમારા ઘરે રાખી બાંધવા આવે. અમારા બંનેના વિચારો અલગ છે એટલે વિચારમાં મતભેદ થતાં અમે એકબીજા પર ખીજવાઈએ પણ ખરાં. મારી નણંદ તો ગાળ પણ આપે. જો કે, તે ગાળ એવી રીતે બોલે કે તે સાંભળવું મને બહુ સ્વીટ લાગે. રોજ મારા ઘરે મારું ફેમિલી અને મારી નણંદનું ફેમિલી સાથે જ ડિનર લઈએ. હું બપોરે રાતની રસોઈનું પ્રિપેરેશન કરું અને તે સાંજે આવીને બધી રસોઈ બનાવે. મારું આખું કિચન સાંજે તે જ હેન્ડલ કરતી હોય. મારો એક નિયમ વર્ષોથી છે દર રવિવારે હું ઘરે રસોઈ નથી બનાવતી. અમે હોટલમાં જમવા જઈએ પણ મારી નણંદ ફાલ્ગુનીના હસબન્ડને હોટેલનું જમવાનું નહીં ફાવે એટલે ફાલ્ગુની તે વખતે તેમના ઘરે રવિવારની રસોઈ બનાવે. '' જ્યારે સન્નારીની ટીમે નીતાબેનનો ઇન્ટરવ્યૂ લીધો ત્યારે  તેમના સિસ્ટર ઇન લો ફાલ્ગુનીબેન તેમના ઘરે જ હતાં અને તેમણે સન્નારીની ટીમને જણાવ્યું કે, ''મને મારાં ભાભી સાથે વધારે ફાવે છે. અમે એકબીજા પર ખિજાઈએ પણ ખરાં અને સાથે મજાકમસ્તી પણ કરીએ.''



**હવે જમાનો બદલાયો છે. લોકો હવે મજેથી જીવન જીવી લેવામાં માને છે. મનમુટાવ રાખવો એના કરતાં હળીમળીને રહેવાની ભાવના કેટલાય લોકોમાં આવી ગઈ છે. જો કે બધાંની વિચારસરણી આવી બની છે એવું નથી. ઘણી સ્ત્રીઓ ભાભી કે નણંદ સાથે એડજસ્ટ નથી કરી શકતી. વિચારસરણીમાં સમાનતા ના હોય ત્યારે વ્યક્તિઓમાં મનભેદ થાય અને પછી તે મનભેદ ધીરે ધીરે તું તું મેં મેંમાં પરિણમે છે. ઘણા કિસ્સાઓમાં એવું બનતું હોય છે કે, નવી વહુ સાસરે સંકોચ અનુભવે છે ત્યારે સાસુ અને નણંદ તેને દબાવવા પોતાના વશમાં રાખવાનો પ્રયત્ન કરે છે. ધીરે ધીરે વહુ સાસુ અને નણંદની અગેઈન્સ્ટ થતી જાય છે એવામાં નણંદ- ભાભી મિત્ર નથી બની શકતાં. જો કે હવે જમાનો બદલાયો છે. ભાભી અને નણંદ બે સગી બહેનો જેવી પણ બની જાય છે અને બેસ્ટ ફ્રેન્ડ પણ બની જાય છે. આવું ચિત્ર સોશ્યલ મીડિયાને કારણે પણ બન્યું હોવાનું ઉપસી આવી રહ્યું છે.**

